*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 73

## મૃત્યુદંડ



ચર્ચામાં શા માટે ?

સાઉદી અરેબિયામાં મૃત્યુદંડ વિશે :

વર્તમાન સમયમાં મૃત્યુદંડ વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-73નો**
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં સાઉદી અરેબિયાએ સગીર દ્વારા કરાયેલા ગુનાઓ માટે મૃત્યુદંડની સજાની જોગવાઈને રદ કરી દીધી છે.
- નોંધનીય છે કે આ અગાઉ સાઉદી અરેબિયામાં ચાબુક મારવા અથવા ચાબુક મારવાની સજા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

## સાઉદી અરેબિયામાં મૃત્યુદંડ વિશે :

- સગીર બાળકોને ફાંસીની સજા નાબૂદ કરવીએ સાઉદી અરેબચિાના શાહી પરિવાર દ્વારા હાથ ધરવામાં આવેલા માનવ અધિકાર સુધારણાની શ્રેણીનું નવીનતમ પગલું છે.
- સાઉદી અરેબિયાના માનવ અધિકાર આયોગ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. આ આયોગ મુજબ નવીનતમ સુધારા સુનિશ્ચિત કરશે કે જે પણ સગીર તરીકે ગુનો કરે છે તેને મૃત્યુ દંડની સજા ન થાય.
- મૃત્યુદંડની જગ્યા એ સગીર ગુનેગારોને મહત્તમ 10 વર્ષ માટે 'કિશોર અટકાયત સુવિધા' (Juvenile Detantion Facility)માં મોકલવામાં આવશે.
- માનવાધિકાર સંગઠન એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ (Amnesty International) એ સાઉદી અરેબિયાને ઈરાન અને ચીન પછી લોકોના મૃત્યુ માટેના વિશ્વના સૌથી ક્રુર દેશ તરીકે સૂચિબદ્ધ કર્યું છે.
- એમ્નેસ્ટી ઈન્ટરનેશનલએ પોતાના તાજેતરના અહેવાલમાં જણાવ્યું કે વર્ષ 2019માં સાઉદી અરેબિયામાં લગભગ 184 લોકોને મૃત્યુ દંડની સજા આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2019માં મૃત્યુદંડની સજા આપનાર ટોચનાં દેશોમાં ચીન (1000), ઈરાન (251), સાઉદી અરેબિયા (184), ઈરાક (100) અને ઈજિપ્ત (32)નો સમાવેશ થાય છે.
- સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા આપવામાં આવી છે તેમાંથી વધુ લોકોને ડ્રગ્સ અને હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.
- આ અગાઉ સાઉદી અરેબિયાએ ચાબુક મારવા ઉપર પણ પ્રતિબંધ મૂકયો હતો. આ પ્રકારની સજા નાબૂદ કરતા પહેલા તેનો ઉપયોગ હત્યા, શાંતિનોભંગ, દારૂનો ઉપયોગ, મહિલાઓ સાથે ગેરવર્તન અને ધર્મના અપમાન જેવા ગુનાઓ માટે કરવામાં આવતો હતો.

## વર્તમાન સમયમાં મૃત્યુદંડ વિશે :-

- મૃત્યુદંડ એ વિશ્વમાં કોઈપણ પ્રકારના દંડ કાયદા હેઠળ વ્યક્તિને આપવામાં આવતી સૌથી વધુ સજા છે. મૃત્યુદંડ એ હંમેશા માનવાધિકારના દષ્ટિકોણથી વિવાદિત મુદ્દો રહ્યો છે.
- માનવ સમાજમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ આદિકાળથી આજ સુધીની છે, પરંતુ તેની પાછળના કારણો અને તેની અમલની પદ્ધતિઓ સમય જતા સતત બદલતી રહી છે.
- મૃત્યુદંડનો પહેલો ઉલ્લેખ અઢારમી સદીમાં 'હમ્મુરાબીની વિધાન સંહિતા' માં જોવા મળે છે. જેમા 25 પ્રકારના ગુનાઓ માટે મૃત્યુદંડની જોગવાઈ હતી.
- 'એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ'ના જણાવ્યા મુજબ વર્ષ 2017 સુધીમાં 106 દેશો એવા હતા કે જયા મૃત્યુદંડની સજા પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ કર્યો છે.
- વિશ્વના 56 દેશો એવા છે કે જેમણે તેમના કાયદામાં મૃત્યુદંડની સજાને સમર્થન આપ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT